C.C.2985/2024

सत्यमेव जयते

::નમૂના – અ::

| મે.સુરત (રેલ્વે) ના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.સુરત | |
|---|---|
| ચુકાદા ની તારીખ | ૨૧/૦૪/૨૦૨૬ |
| ફો. કે. સંખ્યા | ૨૯૮૫/૨૦૨૪ |
| | ગુના ની વિગત |
| ગુના ની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૨ અને ૫૦૬(૨) |
| પ્ર. માહિતી અહેવાલ સંખ્યા | ૧૧૨૧૨૦૫૧૨૧૧૧૯૯/૨૦૨૧ |
| પોલીસ સ્ટેશન | સુરત રેલ્વે પોલીસ સ્ટેશન |
| ફરિયાદી પક્ષ | સરકાર શ્રી / ફરિયાદી નું નામ–કિરણસિંહ ભુપતસિંહ ઠાભી |
| રજૂઆત | વિ. મદદનીશ સરકારી વકીલ શ્રી માર્ટીન ડી. પરમાર |
| આરોપી પક્ષ | **સહેજાદ ઉર્ફે સલીમ સ/ઓ મોહમદ કાસીમ સીદીકી**<br>ઉ.વ. ૨૬, ધંધો: મજૂરી<br>રહે. રૂપમ ટોકીઝની સામે જુના માછીવાડ કીન્નરી સલાબતપુરા, સુરત<br>મૂળ રહે. ગામ–મુગલુશા મોહલ્લા નઝીમાબાદ જિ. બીજનોર (યુ.પી.) |
| રજૂઆત | વિ. વકીલ શ્રી – બી. વી. શાહ |

::નમૂના – બ::

| | |
|---|---|
| ગુના ની તારીખ | ૦૩/૧૧/૨૦૨૧ |
| પ્ર. માહિતી અહેવાલ ની તારીખ | ૦૪/૧૧/૨૦૨૧ |
| આખરી અહેવાલ ની તારીખ | ૦૪/૦૧/૨૦૨૨ |
| તહોમતનામા ની તારીખ | ૧૯/૧૨/૨૦૨૩ |
| પુરાવો શરૂ થયા ની તારીખ | ૧૯/૧૨/૨૦૨૩ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૭/૦૪/૨૦૨૬ |
| ચુકાદા ની તારીખ | ૨૧/૦૪/૨૦૨૬ |
| સજા હુકમ ની તારીખ (લાગુ પડે તો) | – |

::આરોપી ની વિગત::

RAILWAY COURT, SURAT

| આરોપીનું અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યુ / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફો. કા. સંહિતા ની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સહેજાદ ઉર્ફે સલીમ સ/ઓ મોહમદ કાસીમ સીદીકી ઉ.વ. ૨૬, ધંધો: મજૂરી રહે. રૂપમ ટોકીઝની સામે જુના માછીવાડ કીન્નરી સલાબતપુરા, સુરત મૂળ રહે. ગામ-મુગલુશા મોહલ્લા નઝીમાબાદ જિ. બીજનોર (યુ.પી.) | ૦૪/૧૧/૨૦૨૧ | ૦૪/૧૧/૨૦૨૧ | ભારતીય દંડ સંહિતા ની કલમ-૩૩૨ અને ૫૦૬(૨) | શંકાનો લાભ | - | - |

::નમૂનો ક::

ફરિયાદી / બચાવ / ન્યાયાલય ના સાક્ષી ની યાદી

અ. ફરિયાદ પક્ષ

| અનુ.નં. | સાહેદનું નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ફ.સ.૧ | કિરણસિંહ ભુપતસિંહ | ૬ | ફરીયાદી |
| ફ.સ.૨ | ભારતીબેન રોહીતભાઈ | ૮ | ત.ક.અ. |
| ફ.સ.૩ | અબ્બાસઅલી રોશનઅલી અમીરી | ૯ | અટક પંચ ૧ |
| ફ.સ.૪ | બ્રિજરાજસિંહ કનુભાઈ વાળા | ૧૧ | પોલીસ સાહેદ |
| ફ.સ.૫ | રામરાજ મહાદેવ શર્મા | ૧૩ | અટક પંચ ૧ |

| | | | |
|---|---|---|---|
| ફ.સ.૬ | ડો. અનુરાગ મોહનભાઈ ચૌહાણ | ૧૫ | ડોક્ટર |
| ફ.સ.૭ | અબ્બુભાઈ ભુલાભાઈ | ૧૯ | ત.ક.અ. |
| ફ.સ.૮ | રણજીતસિહ જગમાલભાઈ | ૨૨ | ત.ક.અ. |

**બ. બચાવ પક્ષ**

| અનુ ક્ર. | નામ | પુરાવા નો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | – | – |
| બ.સ.૨ | – | – |

**ક. બચાવ પક્ષ**

| અનુ ક્ર. | નામ | પુરાવા નો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ.૧ | – | – |
| ન્યા.સ.૨ | – | – |

નોંધ – ઉપરોક્ત સાક્ષી ના પુરાવા ના પ્રકાર માં લાગુ પડતો પુરાવા નો પ્રકાર જેમ કે, નજરે નજર જોનાર સાક્ષી (પ્રત્યક્ષ સાક્ષી), પોલીસ સાક્ષી, નિષ્ણાત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી તરીકે સંબોધવું.

**ફરિયાદી / બચાવ / ન્યાયાલય ના આંક ની યાદી**

**અ. ફરિયાદ**

| અનુ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૭ | ફરીયાદી |
| ૨ | ૧૦ | આરોપી અટક પંચનામુ |
| ૩ | ૧૬ | મેડિકલ તપાસણી કરવા યાદી |
| ૪ | ૧૭ | મેડિકલ સર્ટીફીકેટ |
| ૫ | ૨૦ | ગુનો દાખલ કરવાનો રીપોર્ટ |
| ૬ | ૨૧ | અટકની નોંધ કરવાની યાદી |
| ૭ | ૨૩ | અટક પંચનામુ |

**બ. બચાવ**

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | આંક બ–૧/બ.સ. ૧ | – |
| ૨. | આંક બ–૨/બ.સ. ૨ | – |

ક. ન્યાયાલય આંક

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક ન્યા–૧/ન્યા.સ. ૧ | – |
| ૨. | આંક ન્યા–૨/ન્યા.સ. ૨ | – |

ડ. ભૌતિક પદાર્થ:

| અનુ ક્ર. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ભૌ. પ. ૧ | – |
| ૨. | ભૌ. પ. ૨ | – |

**–ઃ ક ા ર ણ ોઃ–**

(૧) **ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :–**

આ કામની ટૂંકમાં હકીકત એવી છે કે, તા. ૩–૧૧–૨૦૨૧ના કલાક–૨૧/૧૫ વાગ્યે ફરિયાદીએ એક મહિલાને રોકી તેની પાસેથી વિદેશી દારૂ મળી આવતા તેને પ્લેટ ફોર્મ ઉપરની રેલવે પોલીસ ચોકીમાં લાવતા આ કામના આરોપી આવીને ફરિયાદી સાથે જપાજપી કરેલી અને જાનથી મારી નાખવાની ધમકી આપેલી અને ત્યારબાદ આ મહિલા ઉપર ગુનો દાખલ કર્યા પછી પણ આ કામના આરોપીએ તેની પ્રમિકા પત્નિ ઉપર દારૂનો કેસ કરેલ હોય જાનથી મારી નાખવાની ધમકી આપેલી અને ફરજમાં રૂકાવટ કરી ઈ.પી.કો. કલમ–૩૩૨ અને ૫૦૬(૨) મુજબનો ગુનો કરેલ હોય તે મતલબની ફરિયાદ સુરત રેલવે પોલીસ સ્ટેશનમાં રજીસ્ટર્ડ કરાવતા જેની તપાસ કરાવતા જે ગુનો સુરત રેલવે પોલીસ સ્ટેશન પાર્ટ એ–નં.૧૧૨૧૨૦૫૧૨૧૧૧૯૯/૨૦૨૧થી રજીસ્ટર કરી જેની તપાસના અંતે આરોપી સામે પૂરતો પુરાવો હોય અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) **કોર્ટ કાર્યવાહી :–**

ત્યારબાદ આ કામના આરોપીને આ અદાલત ધ્વારા સમન્સ કરતા, આરોપી આ અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આરોપીને આંક–૩ થી તહોમતનામું ફરમાવવામાં

આવેલ છે, આંક–જથી આરોપીની પ્લી નોંધવામાં આવતા, આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલ છે, જેથી કેસ કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) **આરોપીઓનું વિશેષ નિવેદન :–**

ત્યારબાદ ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા જેમાં મોટા ભાગના પ્રશ્નો તેઓને ખબર નથી તેમ જણાવે છે તથા તેણે વિશેષમાં તેના ઉપર ખોટો કેસ કરેલ છે અને તેઓએ કોઈની જપાજપી કે ધમકી આપેલ નથી અને તેમને ખોટા કેસમાં સંડોવી દીધેલ છે અને પોતે નિર્દોષ હોવાની હકીકત જણાવેલ છે.

(૪) **દલીલો :–**

અ) ***ફરીયાદપક્ષની દલીલ :–***

આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી માર્ટીન પરમારની દલીલ છે કે આ કામના આરોપીએ આ કામના ફરિયાદીએ ફરિયાદ નોંધાવેલ છે અને જુબાનીમાં પણ ફરિયાદના તત્વો આવી જાય તે રીતે જુબાની આપેલ છે. આ કામે ફરિયાદી પોલીસમાં નોકરી કરે છે. લોક રક્ષક છે અને તેઓ તેમની ફરજ દરમિયાન આ કામના આરોપીના પત્નિ પ્રેમિકાને રોકી તેની પાસેથી દારૂ મળી આવતા આ કામના આરોપી આવી જઈ ફરિયાદી સાથે જપાજપી કરેલ છે માર મારેલ છે અને જાનથી મારી નાખવાની ધમકી આપેલ છે. આ કામે અન્ય સાહેદ પણ ફરિયાદીની ફરિયાદને સમર્થન કરે છે તથા મેડિકલ રીપોર્ટ પણ ફરિયાદીની ફરિયાદને સમર્થન કરે છે. આ કામે કોઈ ખાસ કોન્ટ્રાડિકશન કે ઓમિશન આવેલ નથી કે વિધ્વાન વકિલ શ્રીએ પુછેલ નથી. જેથી તમામ સાહેદો અને મેડિકલ સર્ટીફીકેટ ધ્યાને લેતાં ફરિયાદપક્ષ તેનો કેસ નિ:શંક પણે પુરવાર કરેલ હોય આરોપીને દોષિત ઠેરવવા માટે અરજ ગુજારેલ છે.

બ) ***બચાવપક્ષની દલીલ :–***

બચાવપક્ષે આંક–૨૯થી લેખિત દલીલ રજૂ કરેલ છે અને વધુમાં દલીલ કરેલ છે કે આ કામે ફરિયાદી જ્યારે ફરજ ઉપર હાજર હતા ત્યારે ફરિયાદીએ યુનિફોર્મ પહેરેલ ન હતો સીવીલ ડ્રેસ પહેરેલ હતો. જેથી આ કામના આરોપી ફરિયાદીને ઓળખતા ન હતા કે તે પોલીસમાં છે. જેથી આરોપીએ કરેલ કૃત્ય તે સરકારી નોકરની સામે કરેલ કૃત્ય નથી તથા ત.ક.અ. તેમની જુબાનીમાં જણાવે છે કે બનાવ વખતે તે ડ્રેસમાં હતા પણ જ્યારે ફરિયાદી જે બનાવ વખતે ડ્રેસમાં ન હતા તેમ જણાવે છે ત્યારે ફરિયાદી ડ્રેસમાં ન હતા તેમ સાબિત થાય છે અને ફરિયાદી ડ્રેસમાં ન હતા તેથી આ કેસનો ગુનો બનતો નથી.

વધુમાં દલીલ કરેલ છે કે આ કામે પંચો હોસ્ટાઈલ થયેલ છે તથા બનાવ વખતે કોઈ સાહેદ હાજર ન હતા. કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. પ્લેટ ફોર્મ નં.૨, ૩ ભરચક વિસ્તાર છે તેમ છતાં કોઈ બહારના વ્યકિતઓના નિવેદનો લેવામાં આવેલ માત્ર પોલીસ સાહેદ છે તે શંકા ઉપસ્થિત કરે છે તથા આરોપીને સંડોવી દેવા માટે ખોટો કેસ કરેલ હોય ફરિયાદપક્ષ તેનો કેસ નિ:શંક પણે પુરવાર કરી શકેલ ના હોય આરોપીને નિર્દોષ ઠરાવવા અરજ ગુજારેલ છે.

(૫) ઉપરોકત હકીકતો તથા દલીલો ધ્યાને લેતા આ કેસના નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામની ટૂંકમાં હકીકત એવી છે કે, તા. ૩-૧૧-૨૦૨૧ના કલાક-૨૧/૧૫ વાગ્યે ફરિયાદીએ એક મહિલાને રોકી તેની પાસેથી વિદેશી દારૂ મળી આવતા તેને પ્લેટ ફોર્મ ઉપરની રેલવે પોલીસ ચોકીમાં લાવતા આ કામના આરોપી આવીને ફરિયાદી સાથે જપાજપી કરેલી અને જાનથી મારી નાખવાની ધમકી આપેલી અને ત્યારબાદ આ મહિલા ઉપર ગુનો દાખલ કર્યા પછી પણ આ કામના આરોપીએ તેની પ્રમિકા પત્નિ ઉપર દારૂનો કેસ કરેલ હોય જાનથી મારી નાખવાની ધમકી આપેલી અને ફરજમાં રૂકાવટ કરી ઈ.પી.કો. કલમ-૩૩૨ અને ૫૦૬(૨) મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ? |
| ૨) | શુ હુકમ ? |

(૬) ઉપરોકત મુદાનો મારો જવાબ નીચે મુજબ છે.

(૧) "નકારમાં,"

(૨) "આખરી હુકમ મુજબ."

(૭) આ માટેના કારણો નીચે મુજબ છે.

<u>-:: પુરાવાનુ મુલ્યાંકન ::-</u>

<u>મુદા નં.-૧ ની ચર્ચા :-</u>

આ કામે આરોપી સામેનો કેસ ફોજદારી સ્વરૂપનો હોય ફોજદારી ન્યાયશાસ્ત્ર અનુસાર તથા ભારતીય પુરાવા અધિનિયમની કલમ -૧૦૧ થી ૧૦૩ અનુસાર આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષના સીરે રહેલો છે. ક્રિમિનલ જસ્ટિસ ડિલિવરી સિસ્ટમ મુજબ

ફરીયાદીપક્ષે આરોપીસામે મુકવામાં આવેલ તહોમત "બીયોન્ડ રીઝનેબલ ડાઉટ" યોગ્ય અને નિ:શંક પુરાવો રજૂ કરીને પુરવાર કરવાનું હોય છે કે, આરોપી દોષિત છે અને વિશ્વસનીય પુરાવો રજૂ કરીને ફરીયાદપક્ષે પુરવાર કરવાનું રહે છે. આરોપી નિર્દોષ છે તેવું આરોપીએ પુરવાર કરવાનું હોતું નથી. એમ કહી શકાય કે ફોજદારી કેસમાં આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને દોષિત ન ઠેરવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા કરીને અદાલતે ચાલુ રહેવાનું હોય છે અને નામ. કોર્ટ ધ્વારા બાદમાં આવેલા અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે યોગ્ય પુરતો અને વિશ્વસનીય પુરાવો રજૂ કરીને કરવાનું રહે છે. ફરીયાદપક્ષે રજૂ થયેલ પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાનું ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપી દોષ મુકત અગર બેનિફિટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે.

(૮) આ કામમાં સમગ્ર કેસનો ન્યાયિક નિર્ણય કરતા પહેલા એવીડેન્સ એકટ અન્વયેની જોગવાઈ જોઈએ તો, એવીડેન્સ એકટની કલમ–૩ માં એવીડેન્સ એટલે શું ? તેની વ્યાખ્યા આપવામા આવેલ છે. તેમાં જણાવેલ છે કે,

" The instrument by which the Court is convinced of a fact is evidence. It is oftenclassified as being either direct of circumstantial.

આમ, પુરાવો કોર્ટને કન્વીન્સ કરી શકે તેવો હોવો જોઈએ. સાથો સાથ હકીકત એટલ શું ? તે પણ એવીડેન્સ એકટમાં જણાવેલ છે.

" Facts of which the Court is so convinced that they suggest some inference as to other facts."

સાથો સાથ એવીડેન્સ એકટની કલમ–૧૦૧ માં સાબિતી અન્વયેની હકીકત જણાવેલ છે તે જોઈએ તો,

" Law regarding burden of proof deals with the question by whom and in what manner evidence must be produced and by which party and fact is to be proved. It determines

the right and liability to lead evidence and of the right of rebuttal. It assumes importance if both parties fail to adduce evidence or if both parties adduce evidence but the evidence is evenly balanced and the same leaves the Court in doubt."

આમ, ઉપરોકત મુજબ સામાન્ય રીતે પુરાવો, સાબિતી, સાબિતીનો બોજો આ અગત્યની બાબતે ન્યાયિક નિર્ણય કરવાનો છે. સાથોસાથ કાયદાની જોગવાઈ મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ *બીયોન્ડ રીઝનેબલ ડાઉટ* સાબિત કરવાનો છે. આમ, ઉપરોકત જોગવાઈ અન્વયે નીચે મુજબ આ કેસનું એપ્રીસીએશન કરેલ છે.

વધુમાં નામદાર હાઈકોર્ટ ના તથા નામદાર સુપ્રિમકોર્ટ ના જજમેન્ટ માં ઠરાવેલ સીધ્ધાંતો ધ્યાને રાખી તે રીતે પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૦૯) **કાયદાની જોગવાઈઓ :-**

**કલમ:૩૩૨ : રાજ્ય સેવકને પોતાની ફરજ બજવાતા રોકવા માટે સ્વૈરછાપુર્વક વ્યથા કરવા બાબત.**

જે કોઈ વ્યકિત, કોઈ રાજ્ય સેવકને એવી હેસીયત નથી તે પોતાની ફરજ બજાવતો હોય ત્યારે અથવા તે રાજ્ય સેવકને કે અન્ય કોઈ રાજ્ય સેવકને એવી હેસીયત થી પોતાની ફરજ બજવાત અટકાવવાના કે રોકવાના ઈરાદાથી અગવા તેણે એવા રાજ્યસેવકની હેસીયત થી પોતાની કાયદેસરની ફરજ બજાવતા કંઈ કૃત્ય કર્યુ હોય કે કરવાની કોશીશ કરી હોય તેના પરીણામે એવા રાજ્યસેવકને સ્વૈરછાપુર્વક વ્યથા કરે, તેને ત્રણ વર્ષની મુદત સુધીની બે માંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંન્ને શિક્ષા કરવામાં આવશે.

**આવશ્યક તત્વો :-**

૧. આરોપીએ રાજ્ય સેવકને વ્યથા પહોંચાડી હોવી જોઈએ.

૨. આવી વ્યથા

(અ) રાજ્યસેવક તેની ફરજ બજાવતો હોય ત્યારે અથવા

(બ) તેની ફરજ માં રુકાવટ કરવાના ઈરાદાથી અથવા

(ક) રાજ્ય સેવકની હેસીયત થી તેની ફરજના ભાગ રુપે કોઈ કૃત્ય કરવા અથવા

તે માટે પ્રયત્ન કરાવના પરીણામે કરાયેલી હોવી જોઈએ.

ઈન્ડીયન પીનલ કોડ ની કલમ ૨૧ મા આપવામાં આવેલ ' **રાજ્ય સેવક** ' ની વ્યાખ્યા ધ્યાને લીધી.

(૧૦) આ કલમ સાબીત કરવા માટે આ કલમના તત્વો જોઈએ તો બનાવ વખતે ફરીયાદી અથવા ભોગબનનાર રાજ્ય સેવક હોવો જોઈએ અને આ રાજ્ય સેવક બનાવ વખતે પોતાની કાયદેસરની ફરજ બજાવતો હોવો જોઈએ અને પોતાની કાયદેસરની ફરજ બજાવતી વખતે તે ફરજ ના ભાગ રુપેનુ કાર્ય કરતી વખતે તેને ઈજા થયેલ હોવી જોઈએ આ ઈજા રાજયસેવક તેની ફરજ બજાવતો હોય ત્યારે ફરજ ના ભાગ રુપે કરવાના કાર્ય કરવામાં રુકાવટ કરવા અંગે અથવા તો આ ફરજ પર નુ કાર્ય કરતી વખતે આરોપીએ ફરીયાદીને વ્યથા નીપજાવેલ છે તેમ સાબીત કરવુ જોઈએ , ફરીયાદ પક્ષનો કેસ છે કે બનાવ વખતે ફરીયાદી પોતે પોતાની ફરજ ઉપર હાજર હતા પરંતુ આકામે ફરીયાદી રાજ્ય સેવક હોવા અંગેનો કોઈ લેખીત આધાર રજુ કરેલ નથી કે વધુમાં ફરીયાદીએ કે તકઅ એ ફરીયાદી જણાવે છે કે ફરીયાદી પોતાની ફરજ બજાવતા હતા પરંતુ આવો કોઈ લેખીત આધાર રજ કરેલ નથી કે ફરીયાદી પોતે પોલીસ માં નોકરી કરતા હતા તેવો કોઈ પણ લેખીત આધાર જેવાનકે આરોપીનુ ઓળખ પત્ર, આરોપીનુ હાજરી પત્રક કે આરોપીને ફાળવવામાં આવતી ફરજ નો હુકમ રજુ કરેલ નથી કે પોલીસ સ્ટેશન માં આવેલ હાજરી માસ્તર ને પણ તપાસવામાં આવેલ નથી ત્યારે ફરીયાદ પક્ષ ફરીયાદી રાજયસેવક હતા અને તેઓની ફરજ બજાવતા હતા અને તેમની ફરજ માં રુકાવટ કરેલી તેવુ આ કામે સાબીત થયેલ નથી.જેથી ફરીયાદ ની ફરજ ફરજમાં હરકત કરી તેઓને તેમની ફરજ માં રુકાવટ કરેલ છે અને તેના ભોગે હાલની ઈજા ફરીયાદીને થયેલ છે તેમ સાબીત કરવામાં ફરીયાદ પક્ષ ઉપર શંકા ઉપસ્થીત થાય છે.

(૧૧) બનાવ વખતે ફરીયાદી પોતે જણાવે છે કે તેઓ ખાનગી કપડા માં હતા હવે જો ફરીયાદીને આરોપી પહેલાથી ઓળખતા હોય કે તેઓ પોલીસ માં છે તોજ અથવા તો ફરીયાદી એ પોતાની ઓળખ આપી પોતાનુ ઓળખ કાર્ડ બતાવેલ હોય અને ત્યારબાદ તપાસ કરેલ હોય અને આરોપીને પણ આવી હકીકત જણાવેલ હોય અને ત્યારબાદ આરોપીએ રુકાવટ કરેલ હોય તેવી કોઈ વિગતો ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર આવેલ નથી જેથી ફરીયાદી પોલીસ માં છે તેવી હકીકત આરોપી માની શકે નહી તે સ્વાભાવીક છે.

(૧૨) ફરીયાદી શાહેદ નં ર ભારતીબેન રોહીતભાઈને આંક ૮ થી ફરીયાદ પક્ષે તપાસવામા ંઆવેલ છે તેઓ તેમી સોગંદઉપરની જુબાનીમા ંતેઓ જણાવે છે કે ફરીયાદી એ તેમને બનાવ વાળી જગ્યાએ બોલવેલા અને તેઓએ બેગ ચેક કરેલ હતી પરંતુ જયારે ફરીયાદી ની જુબાની જોવામા ંઆવે તો તેઓએ શાહેદ નં ર

ભારતીબેન તેમની સાથે જ હતા તેમને બોલાવી બેગ ચેક કરવાનુ કહ્યુ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી,

(૧૩) બનાવ વખતે તે જગ્યાએ ઘણા બધા માણસોની અવર જવર હોવાની હકીકત સ્વીકાર કરેલ છે પરંતુ આ કામે માત્ર પોલીસ શાહેદોના જ નીવેદનો લેવામાં આવે છે જાહેર જગ્યા હોવા છતા પણ અન્ય શાહેદોને તપાસેલનથી કે બનાવ વાળી જગ્યાની આજુ બાજુ રેલ્વે સ્ટેશન ઉપર ઘણા બધા સીસીટીવી હોવા છતા પણ કોઈ સીસીટીવી આ કામે કબજે કરેલ નથી જે શંકા ઉપસ્થીત કરે છે.

(૧૪) **નામ.સુપ્રિમકોર્ટે ભગવાન સિંઘ અને અન્યો વિ. સ્ટેટ ઓફ એમ.પી. ૨૦૦૨ (૪) સુપ્રિમકોર્ટ કેસીસ ૮૫ ના ચૂકાદામાં ઠરાવેલ છે કે,**

***one of the fundamental principles of criminal jurisprudence that if two views are possible on the evidence adduced in the case, one pointing to the guilt of the accused and the other to his innocence, the view which is favourable to the accused should be adopted. The Court observed as under :-***

***"7. The golden thread which runs through the web of administration of justice in criminal case is that if two views are possible on the evidence adduced in the case, one pointing to the guilt of the accused and the other to his innocence, the view which is favourable to the accused should be adopted. Such is not a jurisdiction limitation on the appellate court but a Judge made guidelines for circumspection. The paramount consideration of the court is to ensure that miscarriage of justice is avoided."***

વધુ માં નામ. સુપ્રિમકોર્ટે ધુરેલાલ વિ. સ્ટેટ ઓફ યુ.પી. એ.આઈ.આર. ૨૦૦૯ સુ.કો.(સપ્લીમેન્ટરી)૧૩૧૮ના ચૂકાદામાં ઠરાવેલ છે કે, જયારે અદાલત સમક્ષ એક કેસમાં બે શકયતાઓ ઉપસ્થિત થતી હોય અને તે બંને શકયતાઓનો ઈન્કાર થઈ શકે તેમ ન હોય તેવા સંજોગોમાં આરોપીની તરફેણમાં જે પુરાવો હોય, જે શકયતા હોય તેને અદાલતે માનવી અને અનુસરવી જોઈએ. હાથ પરના કેસમાં અદાલત સમક્ષ બે શકયતાઓ ઉપસ્થિત થયેલ છે જેમાં એક શકયતા આરોપી વિરુધ્ધનો ગુનો પુરવાર કરતી શકયતા છે જયારે બીજી શકયતા આરોપીને નિર્દોષતા

તરફ લઈ જતી શકયતા છે. તેથી નામદાર સુપ્રિમકોર્ટે ઉપરોકત બન્ને ચુકાદામાં ઠરાવ્યા મુજબના સિધ્ધાંતો ધ્યાને લેતાં બચાવપક્ષનો બચાવ માનવો જોઈએ તેમ આ અદાલત માને છે.

(૧૫) કલમ–૫૦૬(૨) મુજબનો ગુનો સાબિત કરવા માટે નીચે મુજબના તત્વો સાબિત કરવા પડે છે.

૧. આ કામના આરોપીએ ફરીયાદીને આપેલ ગુનાહિત ધમકી આપેલી.

*૨. આ કામના આરોપીએ ફરીયાદીને આપેલ ધમકી જાનથી મારી નાખવા અંગેની હતી.*

તત્વો:–

૧. આરોપીએ ફરીયાદીને તેના શરીર, મિલ્કત, અથવા પ્રતિષ્ઠાને કે તે અન્ય વ્યકિત સાથે હિત ધરાવતી હોય તેના શરીર અથવા પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાની ધમકી આપી,

૨. આવી ધમકી ફરિયાદી ને ભયભીત કરવાનાં ઈરાદાથી અથવા પોતે જે કરવા કાનૂનબદ્ધ ન હોય તેવું કૃત્ય કરે અથવા જે કરવાનો પોતાને કાનૂની અધિકાર હોય તેવું કૃત્ય ન કરે, તેવા છરાદાથી આપવામાં આવી હતી અથવા આવી ધમકી મૃત્યુ નિપજાવવાની કે મહાવ્યથા કરવાની કે કોઈ મિલકતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવા અંગેની હતી અથવા આવી ધમકી સ્ત્રી ઉપર ચારિત્રહિનતાનો આક્ષેપ કરવા અંગેની હતી.

(૧૬) હવે જ્યાં સુધી ઈ.પી.કો. કલમ ૫૦૬(૨) ના આક્ષેપો આરોપી ઉપર છે તે અન્વયે ચર્ચા કરવામાં આવે તો ઉપરોકત તમામ ચર્ચાના અંતે પુરવાર થયેલ છે કે ઈજા પામનારે જ ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ નથી અને ફરીયાદીને ફરીયાદપક્ષ તપાસી શકેલ નથી તેવા સંજોગોમાં ઈ.પી.કો. કલમ ૫૦૬(૨) અન્વયેના આક્ષેપો વ્યાજબી શંકાથી પર પુરવાર થયાનુ માની શકાય તેમ નથી. વધુમાં નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટે ૨૦૦૭(૧)જી.એલ.એચ. ૩૩૭, **પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિ. ગુજરાત** તથા **મુન્સફખાન** યાસીનખાન **પઠાણ** વગેરે વિ. ગુજરાત રાજ્ય, ૨૦૦૨(૧) **જી.એલ.એચ.(યુ.જે.)** ૪ ના ચુકાદામાં ઠરાવેલ છે કે જે વ્યકિતને આવી ધમકી આપવામાં આવેલ હોય તે વ્યકિત આઘાતમાં આવી ગયેલ હોય અને આવા આઘાતથી ભયભીત થઈ રોજબરોજનુ કાર્ય કરવા અસક્ષમ થયેલ હોય તેવો પુરાવો રેકર્ડ પર આવવો જોઈએ. જો આવો પુરાવો ફરીયાદપક્ષ અદાલતના રેકર્ડ પર લઈ આવવામાં અસફળ રહેલ હોય તો કલમ ૫૦૬(૨) નો ગુન્હો પુરવાર થયેલો ન ગણાય.

ફરીયાદપક્ષ તેવો પુરાવો રજુ કરી શકેલ નથી જેથી કલમ ૫૦૬(૨) ના તત્વો પણ વ્યાજબી શંકાથી પર પુરવાર થઈ શકતા નથી.

(૧૭) નામદાર સુપ્રિમ કોર્ટ દવારા ફીઓના **શ્રીખંડે વિગેરે વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૧૩) ૧૪ એસસીસી ૪૪** માં ઠરાવવા માં આવેલ છે કે,

*"13. Section 504 IPC comprises of the following ingredients viz. (a) intentional insult, (b) the insult must be such as to give provocation to the person insulted, and (c) the accused must intend or know that such provocation would cause another to break the public peace or to commit any other offence. The intentional insult must be of such a degree that should provoke a person to break the public peace or to commit any other offence. The person who intentionally insults intending or knowing it to be likely that it will give provocation to any other person and such provocation will cause to break the public peace or to commit any other offence, in such a situation, the ingredients of Section 504 are satisfied. One of the essential elements constituting the offence is that there should have been an act or conduct amounting to intentional insult and the mere fact that the accused abused the complainant, as such, is not sufficient by itself to warrant a conviction under Section 504 IPC."*

અને આ ઠરાવવા માં આવેલ છે તેને તાજેતરમાંજ **નામદાર સુપ્રિમકોર્ટ દવારા રમેશચંદ્રા વેશ્સ્ય વિરુધ્ધ ઉત્તરપ્રદેશ, ૨૦૨૩(૫)જેટી ૪૧૯, ૨૦૨૩(૦) એઆઈજેઈએલ–એસસી ૭૧૦૮૧** માં તેને સમર્થન કરેલ છે જેથી ઉપરોકત જજમેન્ટ મુજબ જાહેરમાં શાંતીભંગ કરતુ ઉશ્કેરણીજનક શબ્દો હોવા જોઈએ તેમ ઠરાવવામાં આવેલ છે.

(૧૮) આમ, સમગ્ર પુરાવો જોતા, ફરીયાદપક્ષ આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ–૩૩૨, ૫૦૬(૨) મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય, તેવા સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ આથી નકારમાં આપું છું અને મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

–:: હુ ક મ ::–

આ કામના આરોપી સહેજાદ ઉર્ફે સલીમ સ/ઓ મોહમદ કાસીમ સીદીકી ઉ.વ. ૨૬, ધંધો: મજૂરી રહે. રૂપમ ટોકીઝની સામે જુના માછીવાડ કીન્નરી સલાબતપુરા, સુરત મૂળ રહે. ગામ–મુગલુશા મોહલ્લા નઝીમાબાદ જિ. બીજનોર (યુ.પી.)વાળાનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) મુજબ ઈ.પી.કો.કલમ- ૩૩૨,૫૦૬(૨) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામનાં આરોપીઓનાં ખત તથા જામીનખત ક્રિ.પ્રો.કો.કલમ ૪૩૭(એ) મુજબ રૂા.૫૦૦૦/–ના આ હુકમની તારીખથી છ માસ સુધીના રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૨૧/૦૪/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવે છે.

૨૧-૦૫

તા. ૨૧/૦૪/૨૦૨૬

(પંકજ રાઠોડ)
જ્યુડીશ્યમ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(રેલ્વે),
સુરત
જજ કોડનં.જી.જે ૦૧૪૬૮

//સેલ્ફ//